મનપાની સામાન્ય સભામાં ધાંધલ-ધમાલ

મનપાની સભા તોફાની બનતાં દરખાસ્ત પરના મતદાનની વાત વાત જ રહી જવા પામી : ભાજપ તેની સંરક્ષણાત્મક નીતિમાં જાતે જ ફસાયુ : કોંગ્રેસની કાળીપટ્ટીનો વિરોધ પણ ન કરી શક્યા અને મેયરને બચાવવા માટે પણ સભ્યો સ્થાન છોડી ન શક્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્યસભામાં વિપક્ષે ધાંધલ-ધમાલ કરી મુકતાં તેના મૂળ એજન્ડા પરનું કામ મુલ્તવી રાખી અને સભા પૂર્ણ થયેલી જાહેર કરવાની ફરજ મેયરને પડી હતી. જોકે સામાન્ય સભા દરમ્યાન ભાજપના કોઈ સભ્યો મેયરની વહારે આવ્યા ન હતા.

આજે સવારે ૧૧.૩૦ વાગે મનપાના સભાખંડમાં સામાન્યસભાનો પ્રારંભ વંદેમાતરમૂના ગાનથી થયો હતો. આ પછી કોંગીના બે કાઉન્સીલરોના રજા રિપોર્ટ પીન્કીબેન પટેલ અને હસમુખ મકવાણાનો આવ્યો હતો તે વંચાણે લેવામાં આવ્યો હતો.

આ પછી સામાન્યસભાના કામકાજનો આરંભ કરતાં એજન્ડા પરનો પ્રથમ મુદ્દો જે ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલ રાખવામાં આવી હતી. આ પછી પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી બાજપાઈના અવસાન અંગે શોકદર્શક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

સામાન્યસભામાં આ બાદ એજન્ડા નં. ૨ પરનો મુદ્દો હાથ પર લેવાની જાહેરાત સાથે જ કોંગ્રેસના સભ્યો ઉભા થઈ ગયા હતા અમને ન્યાય આપો. ગેરહાજર રહેલા સભ્યોને નોટીસ આપો, દબાણના મુદ્દે ચર્ચા આપો તેની માંગ સાથે ધાંધલ-ધમાલ મચાવી મુકી હતી.

એક તબક્કે કોંગીના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ તો ત્યાં સુધી કહી દીધુ હતુ કે મેયર તમે સાવકા દિકરા છો ભાજપને તો કમાઉ દિકરા જોઈએ. આ મામલો આગળ વધતો જતો હતો ત્યાં મેયરે વારંવાર વિપક્ષના સભ્યોને સમજાવી એજન્ડા પરની કાર્યવાહી

● અનુસંધાન પાન-૭ પર

સભામાં હાજર રહેવુ કે ગેરહાજર એ અમારો અધિકાર છે : મનુભાઈ

આજે સામાન્ય સભામાં ગેરહાજર સભ્યોનો ખુલાસો પુછવો જોઈએ તેવા કોંગી સભ્યોના આગ્રહ સામે ભાજપના કાઉન્સીલર અને સ્થાયી સમિતિના ચેરમેને ઉભા થઈને કહ્યુ હતુ કે સભામાં હાજર રહેવુ કે ગેરહાજર રહેવુ તે અમારો અધિકાર છે. તમને આવા કોઈ અધિકાર નથી.

પગાર ભથ્થાના વધારાની દરખાસ્ત જ અટવાઈ પડી...

સામાન્ય સભામાં પગાર-ભથ્થા વધારાની દરખાસ્ત મતદાન પર મુકવાની જાહેરાત સાથે કોંગ્રેસના સભ્યોએ આક્રમક બની ધાંધલ-ધમાલ એટલી જ હદ સુધી મચાવી દીધી હતી કે મતદાન થયું કે ના થયુ તે પણ જાણવામાં તંત્રના અધિકારીઓને તકલીફ થઈ ગઈ હતી.

આ સભ્યો ત્યાં સુધીમાં તો વોકઆઉટની જાહેરાત સાથે મેયરની ખુરશી સુધી પહોંચી ઘેરાવ કરવાના મૂડમાં આવી ગયા હતા અને તેથી જ મેયરે પણ વારંવારની વિનંતીઓ પછી એકાએક જ સભા પૂર્ણ થયાની જાહેરાત કરી દીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

મેયર તમે સાવકા દિકરા છો ભાજપને કમાઉ દિકરા જોઈએ : બિહોલા

આજે ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં કોંગ્રેસે મેયરને સાવકા દિકરા લેખાવી કહ્યુ હતુ કે તમે સાવકા છો ભાજપને તો કમાઉ દિકરાની જરૂરત છે.

કોંગ્રેસના વિપક્ષી નેતાએ આ આક્ષેપ સાથે લોકશાહીની હત્યા તમારા હાથે કરાવવા તે ઉતાવળા થયા છે. ગેરહાજર સભ્યો રિપોર્ટ વગર હોય તો તેમને કારણ પુછવાનો અધિકાર સામાન્ય સભાને છે જ. કોંગીના સભ્યોએ દબાણના મુદ્દે પણ કુલડીમાં ગોળ નથી ભાંગવો ખુલ્લા મનથી જાહેર ચર્ચા કરો. દબાણ દૂર કરવાની કામગીરીમાં કોણ રૂકાવટ ઉભી કરે છે ? સમાન નીતિ કેમ નથી અપનાતા ? તેવા આક્ષેપોનો મારો ચલાવી અને સામાન્યસભાને ખોટવી નાખવાની તેમની વ્યુહરચનામાં સફળ થયા હતા.

ભાજપ કહે છે દરખાસ્ત પસાર થઈ છે, કોંગ્રેસ કહે છે તો થયુ તેનુ જ પ્રોસીડીંગ લખો, તંત્ર કહે છે મતદાનની પ્રક્રિયા અપૂર્ણ રહી છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આજે પગાર ભથ્થા વધારાની દરખાસ્તને મતદાન પર મુકવાની જાહેરાતને લઈ એક નવો વિવાદ ઉભો થયો છે. ભાજપના સભ્યો કહી રહ્યા છે કે મેયરના આદેશને પગલે અમે અમારો હાથ ઊંચો કરી દરખાસ્તની તરફેણમાં મતદાન કર્યુ જ છે. માટે દરખાસ્ત પસાર થઈ ગઈ કહેવાય. સામાન્યસભા પછી મેયરને મળવા ગયેલા વિપક્ષી પ્રતિનિધિમંડળે એવી રજુઆત કરી હતી કે સભામાં જે થયુ છે તેનુ જ પ્રોસીડીંગ લખાવુ જોઈએ નહિ તો અમારે કાનૂની રાહે આગળ વધવુ પડશે. તમે દરખાસ્ત મત માટે મુકી અને કંઈપણ કાર્યવાહી થાય તે પહેલાં જ તમે સભા પૂર્ણ થયાની જાહેરાત કરી છે તે વાત ભૂલશો નહિ. દરખાસ્તને મતદાન પર મુકતાં પહેલાં મેયરે વારંવાર સભ્યોને જણાવ્યુ હતુ કે સૌ સભ્યોની વાત છે માટે સર્વસંમતિથી દરખાસ્ત પસાર થાય તે જરૂરી છે. મેયરે આ માટે વારંવાર અપીલ કરી વિપક્ષને ટપારવાની એક પણ જતી કરી ન હતી. પરંતુ મેયરને ઘેરાવ કરવાનો પ્રયાસ અને ઉગ્ર શાબ્દીક ટપાટપી વચ્ચે કોંગ્રેસે વોકઆઉટની જાહેરાત કરી હતી.તંત્રના અધિકારીઓનું કહેવું છે કે દરખાસ્ત પરના મતદાનની પ્રક્રિયા અપૂર્ણ રહી જવા પામી છે.

શહેરમાં હેતુફેર મામલે ધડબડાટી

સોમવારથી સેકટરોના રહેણાંક વિસ્તારમાં હેતુફેરના કિસ્સામાં પગલા લેવાશે : દુકાનો સીલ કરાશે : તંત્ર દ્વારા ૫૦ કિસ્સામાં નોટીસ અપાઇ : સે-૩ થી ૬ તેમજ સે-૨૨ માં પણ રહેણાંકમાં ધમધમતી કોર્મશિયલ દુકાનો સીલ કરી દેવાશે

ગાંધીનગર તા ૧૪

શહેરમાં પાકા દબાણો દુર કરવાની સાથે તંત્ર દ્વારા રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે પણ કડક વલણ અપનાવાયુ છે. જયારે ગઈકાલે તંત્ર દ્વારા સે- ૩ થી ૬ માં રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે બે દિવસની મુદ્દત આપી આ પ્રવૃતિ બંધ કરી દેવા સુચના આપવામાં આવી હતી. જયારે આજે પણ કોર્પોરેશનના દબાણ તંત્રની ટીમે સે-૩ , સે-૬ ના ગ-૨ વિસ્તાર ઉપરાંત સે-૨૨ ઘ-૫ પાસે રહેણાંક વિસ્તારમાં રહેણાંકમાં ધમધમતી દુકાનો બંધ કરી દેવા માટે સુચના આપવામાં આવી છે. આ મામલે ૫૦ જેટલા કીસ્સામાં તંત્રએ નોટીસ આપી છે.જયારે સોમવારથી તંત્ર દ્વારા રહેણાંકમાં કોર્મશિયલના કિસ્સામાં સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

શહેરમાં પ્રથમ તબક્કામાં લારી ગલ્લાના દબાણો દુર કરાયા બાદ હાલ સેકટરોમાં પાર્કીંગ પ્લેસ સહીત અન્ય ઠેકાણે દબાણો યથાવત સ્થિતિમાં ગોઠવાઈ ગયા છે. જયારે બીજીતરફ તંત્ર દ્વારા સે-૨૪ માં પાકા દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાઈ છે. સે-૨૪ માં પાકી દુકાનો પર બુલડોઝર

● અનુસંધાન પાન-૭ પર

નોટીસના અંતે સોમવારે સે-૭ માં દવાખાનાઓ સીલ કરાશે

શહેરમાં સે-૭ માં છેલ્લા અઢી દાયકાથી ધમધમતા દવાખાનાઓ બંધ કરી દેવાની તંત્રની નોટીસના અંત તબીબી આલમમાં પણ સળવળાટ થયો છે. ડોકટર્સ આ મામલે મેડીકલ એસોસિએશનના માધ્યમથી પોતાની રજુઆત મ્યુનિ તંત્ર સમક્ષ મુકી રહ્યા છે. જયારે હજુ સુધી આ મામલે કોઈ સુખદ ઉકેલ આવ્યો નથી. પરંતુ વર્ષોથી સેકટરોમાં ધમધમતા દવાખાનાઓને અચાનક જ તાળા મારી દેવાની વાત ડોકટર સહીત સારવાર લેતા દર્દીઓ માટે પણ આઘાતજનક પુરવાર થઈ છે. સે-૭ માં છેલ્લા અઢી દાયકાઓથી ધમધમતા દવાખાનાઓ દર્દીઓ માટે પણ આર્શીવાદરૂપ પુરવાર થયા છે ત્યારે દવાખાના સીલ કરવાની તંત્રની હીલચાલ સામે તબીબોએ મ્યુનિ કમિશ્નર કક્ષાએ રજુઆત પણ કરી છે. પરંતુ તંત્ર દ્વારા અગાઉ ૨૩ કિસ્સામાં નોટીસ આપવામાં આવી હતી. જેને ધ્યાને લઈ આગામી સોમવારે દવાખાનાઓ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

દબાણ... દબાણ... દબાણ... - આજકાલ ગાંધીનગરમાં ટોક ઓફ ધ ટાઉન જો કોઈ વિષય બન્યો હોય તો દબાણ અને પાર્કિંગ છે... વર્ષો સુધી દબાણની સમસ્યાને વકરવા દીધી... અને આજે ત્રણ - સાડાત્રણ દાયકા બાદ એનો ઉકેલ શોધવા આડેધડ નિર્ણયો લેવાય છે... વાણિજ્ય સંકુલોના ભોંયરા સીલ કરાય છે... અને અનઅધિકૃત બાંધકામ તોડી પડાય છે... તબીબોના દવાખાનાઓ પર હેતુફેર મામલે સીલનો ભય તોળાય છે... ટ્યુશન ક્લાસીસ અને હોસ્ટેલોમાં ફફડાટ છે... તો ક્યાંક રહેણાંકની સીડીઓ અને આંગણાના બાગ - બગીચાઓ પર જેસીબી તાકીને બેઠું છે... કેમ આ સ્થિતિ આવી..., સમસ્યા કેમ આટલી વકરી... અને આજે ત્રણ દાયકા બાદ સ્માર્ટ સીટી બનાવવા લાખો - કરોડોનું નુકસાન, સેંકડોની બેરોજગારી અને શહેરીજનોનો ઉચાટ જનજીવનને અકળાવે છે... ખોટુ છે... સો ટકા ખોટુ છે... પરંતુ આટલા વર્ષો સુધી આ ખોટુ ચલાવનાર સામે પહેલા શિક્ષાત્મક પગલા લેવાવા જોઈએ, બાદમાં અસરગ્રસ્તોનો વારો આવે... સમગ્ર નગરમાં વેદનાના વાદળો છવાયા છે... સૌની મુંઝવણ અને રજૂઆતોના સંકલન માટે ગુરૂવારે રાત્રે ઘ-૪ પાસે અસરગ્રસ્ત વેપારીઓ, વસાહતીઓ અને તબીબોની સંયુક્ત બેઠક યોજાઈ હતી... જેમાં આગામી કાર્યક્રમો ઘડાયા હતા.

સત્તાધીશોની હોતા હે, ચલતા હે...ની નિતી વચ્ચે પાંગરેલા દબાણો આફતરૂપ બન્યા

સત્તાધીશોની વર્ષોની મીઠી નજર હેઠળ નગર દબાણની ગિરફતમાં આવ્યુ : જો કે નગરના વીઆઇપી વિસ્તારમાં દબાણકર્તાઓનો આકરો મિજાજ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી નગર વિકાસની સાથે અવનવા પ્રશ્નો પણ સમયાંતરે ધ્યાને આવી રહ્યા છે. જયારે મોટાભાગના પડતર પ્રશ્નો હજુ સુધી યથાવત સ્થિતિમાં છે. નગરને સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ તંત્રએ હાઈટેક વિકાસની હોડમાં હરિયાળીને પણ હોમી દઈને વિકાસની નવી પરિભાષા ચિતરવાનો પ્રયાસ કર્યો છે. જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં નારાજગી યથાવત છે. જયારે દબાણની વર્ષો જુની સમસ્યાને પણ હવે ચપટીમાં જ દુર કરવા કડક ઝુંબેશ પણ આરંભી દેવામાં આવી છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ નગરના સેકટરોમાં ધીમે ધીમે મંડરાયેલા દબાણોએ આજે નગરને અજગરી ભરડામાં લીધુ છે. જેમાં લારી ગલ્લા સહીત કાચા પાકા દબાણો અને હેતુફેરના કિસ્સાઓનો પણ સમાવેશ થાય છે. પરંતુ વહીવટી તંત્ર અને સરકારની નજર સમક્ષ ઉછેરતા આ શહેરમાં ઉદભવતી સમસ્યાને ઉગતી ડામવા માટે આજ દિન સુધી કોઈ પ્રયાસ થયો નથી. જેના લીધે હવે બધુ રાતોરાત સરખુ કરવાનો મુડ પણ સત્તાધીશોએ બનાવી દીધો છે.શહેરમાં દબાણોએ પગ પ્રસરાવાનુ શરૂ કર્યુ ત્યારથી અનેકવાર નગરના જાગૃત નાગરિકો સહીત અનેક સંસ્થાઓએ પણ આ મામલે રજુઆત કરી હતી. પરંતુ વર્ષ દરમિયાન થતી વિવિધ ડે ની ઉજવણીની જેમ દબાણ હટાવની નાટકીય ઝુંબેશ હાથ ધરી આજ દીન સુધી આમ નાગરિકોને સ્પર્શતી સમસ્યાઓ અને દબાણોના અડ્ડા તરફ પણ તંત્ર સતત સ્વીચ ઓફ મોડમાં રહ્યુ છે. જયારે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ તગડો

● અનુસંધાન પાન-૭ પર

નગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી જ સેકટરોમાં દબાણો મંડરાવાનુ શરૂ થઇ ગયુ હતુ પરંતુ વર્ષોથી તંત્રની નાટકીય ઝુંબેશ અને અનદેખીની નીતીના અંતે હવે નાના મોટા વેપારીઓ સહીત બિલ્ડરો અને આમ નાગરિકો માટે ગાળિયો બનેલા દબાણોએ મુંઝવણ ઉભી કરી

સે-૩ માં સંસ્કૃત કોમ્પલેક્ષમાં સ્વેચ્છાએ દુકાનોનો ખાલી કરવાનુ શરૂ કરાયુ

ગાંધીનગર તા ૧૪

શહેરના રહેણાંક વિસ્તારમાં કાર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી દુકાનદારો તેમજ હોસ્પિટલના સંચાલકોને નોટીસ આપવાનુ અભિયાન હાથ ધરાયુ છે. હાલ તંત્રના અધિકારીઓ દ્વારા સ્થળ પર પહોંચીને બે દિવસમાં જ આ કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરી દેવા સુચના આપવામાં આવી છે. આજે પણ શહેરના નવા સેકટરોમાં હેતુફેરના કિસ્સામાં નોટીસ આપવામાં આવી છે. જયારે બે દિવસમાં આ પ્રવૃતિ બંધ નહીં કરવામાં આવે તો સોમવારે દુકાનો સીલ કરી દેવા પણ કોર્પોરેશને અલ્ટીમેટમ આપી દીધુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં કેટલાક ઠેકાણે હેતુફેરના કિસ્સામાં વેપારીઓએ દુકાનો ખાલી કરી દેવાની કામગીરી પણ આરંભી દીધી છે. સે-૩ માં આજે સંસ્કૃત કોમ્પેક્ષમાં વેપારીઓએ દુકાનોનો સામાન ખાલી કરવાનુ શરૂ કરી દીધુ હતુ. જયારે નવા સેકટરોમાં હેતુફેરના કિસ્સા મામલે સજાગ થયેલા તંત્રની નોટીસના અંતે વેપારીઓમાં ફફડાટ પ્રવર્તયો છે. બીજીતરફ સોમવારથી આ મામલે સુચનાનો અમલ નહીં કરનારાઓ સામે દુકાનો કે રહેણાંકમાં ચાલતી અન્ય કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરી દેવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવા તંત્રના કડક વલણથી વેપારીઓ મુંઝવણ સાથે માથુ ખંજવાળી વૈકલ્પિક વ્યવસ્થા શોધવા ફાંફે ચઢયા છે.

મતદારયાદીની સુધારણા-૨૦૧૯

મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૯ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?
શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?
શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?

આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?

તા. ૧-૯-૨૦૧૮ થી તા. ૧૫-૧૦-૨૦૧૮ સુધી મતદારયાદીનો મુસદ્દો

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ફોટા વગરની મતદારયાદી આપ વેબસાઈટ www.ceo.gujarat.gov.in ઉપર પણ જોઈ શકશો.

જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૯ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

રવિવારના દિવસે ખાસ ઝુંબેશ

તા. ૧૬-૯-૨૦૧૮ અને તા. ૩૦-૯-૨૦૧૮ અને તા. ૧૪-૧૦-૨૦૧૮, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ બુથ લેવલ ઓફિસર (BLO) મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંથી વિગતો જાણી શખાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર કામકાજના સમય દરમિયાન સંપર્ક કરો

- **જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :**
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.

યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

અરજી કરવાની તારીખ : ૧-૯-૨૦૧૮ થી ૧૫-૧૦-૨૦૧૮ સુધી

આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.

માહિતી/૧૫૪૭/૧૮-૧૯ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એજીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮, E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — KisaN — ashirvad — BENELAVE — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬ સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com